# 6 અંગ્રેજ શાસનની ભારત પર અસર

અરુણા વહેલી સવારે ધ્યાનથી સમાચારપત્ર વાંચતી હતી. ત્યારે તેની પુત્રી પૂર્વા બાજુમાં બેસીને ગૃહકાર્ય કરતી હતી. અરુણા મોટેથી વાંચતાં બોલી, 'લિબિયામાં ક્રાંતિ' આ સાંભળી પૂર્વાએ પ્રશ્ન કર્યો, 'મમ્મી, લોકો શા માટે ક્રાંતિ કરે છે ?' અરુણાએ જવાબ આપ્યો, જો બેટા, લોકોની જરૂરિયાતો ન સંતોષાય અને લોકો આર્થિક રીતે પાયમાલ બને તો ક્રાંતિ તરફ વળે છે. આપણા દેશમાં અંગ્રેજ શાસન સમયે ભારતમાં લોકોની પરિસ્થિતિ બહુ જ કંગાળ બની ગઈ હતી ત્યારે આવું થયું હતું. ચાલ, તને હું તે સમયના ભારતીય જીવનની વાત કરું.'

ભારતની આર્થિક સમૃદ્ધિ છેક અઢારમી સદી સુધી યથાવત્ રહી હતી. ઔરંગઝેબના અવસાન બાદની અરાજકતા પણ તેને નુકસાન પહોંચાડી શકી ન હતી. વિશ્વના ઇતિહાસકારોએ પણ કબૂલ્યું છે કે અઢારમી સદી સુધી ભારતની ઉત્પાદન પદ્ધતિ, તેના ઉદ્યોગો અને વેપાર-વાણિજ્યનું સંગઠન અજોડ હતાં. એ-જ ભારત દેશ સો વર્ષના અંગ્રેજ કંપનીના શાસનમાં તદ્દન કંગાળ અને પાયમાલ દેશ બની ગયો. જે ઇંગ્લૅન્ડને માટે કાચો માલ પેદા કરનાર અને તેનાં કારખાનાંમાં તૈયાર થયેલા માલનું વિશાળ બજાર બન્યો હતો.

**વિચારો**

- કાચો માલ એટલે શું ?
- કાચા માલનાં ઉદાહરણો આપો.
- તમારા ગામમાં ઉત્પન્ન થતા કાચા માલનાં ઉદાહરણોની યાદી બનાવો.
- તમારા ગામમાં ઉત્પન્ન થતો કાચો માલ ક્યાં જાય છે અને તેમાંથી કઈ કઈ વસ્તુઓ બને છે તેની યાદી બનાવો.

## અંગ્રેજ શાસન સમયે ખેડૂતો અને ખેતી

બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા મેળવ્યા પછી અંગ્રેજોને પોતાની આવક વધારવાનું એક વિશાળ ક્ષેત્ર મળી ગયું. ખેડૂતવર્ગ અને ખેતીવાડીના ભોગે તેઓ વધારેમાં વધારે મહેસૂલ ઉઘરાવવા લાગ્યા. પરિણામે ખેડૂતવર્ગ પાયમાલ થયો. ઘણી વખત ઘરના દાગીના વેચીને પણ ખેડૂતો મહેસૂલ ભરી શકતા નહિ. પરિણામે તેમની જમીન વેચી નાખવામાં આવતી. ખેડૂતોની ઘણીખરી જમીન દેવામાં ડૂબી જતી. કેટલાક ખેડૂતો શાહુકારોની ભારે વ્યાજપ્રથાનો ભોગ બની પાયમાલ થયા. ખેતીવાડી ભાંગી પડી. તેમાં ઈ.સ. 1770માં બંગાળામાં દારુણ દુષ્કાળ પડ્યો. ભૂખમરાના કારણે લાખો લોકો મરી ગયા. કોર્નવોલિસ નામના ગવર્નર જનરલે કાયમી જમાબંધી નામની મહેસૂલ પદ્ધતિ અમલમાં મૂકી.

આ પદ્ધતિ અનુસાર કંપનીએ દર વર્ષ માટે જમીનની મહેસૂલ નક્કી કરી. જમીનના કાયમી હક જમીનદારોને આપવામાં આવતા એટલે કે કંપનીએ પોતાની આવક નિશ્ચિત બનાવીને પોતાની પડખે ઊભો રહે એવો જમીનદારવર્ગ ઊભો કર્યો. સામે ખેડૂત તનતોડ મહેનત કરી, ટાઢ-તડકો વેઠીને, જમીન ખેડીને પાક પેદા કરતા, તેનું શોષણ થતું.

**વિચારો**

- ‘જમીન મહેસૂલ’ એટલે શું ? આપણે કયા કયા કર ભરીએ છીએ તેની યાદી બનાવો.
- વર્તમાન સમયમાં દુષ્કાળ પડે તો લોકોને ઓછી હાડમારી વેઠવી પડે છે. તો પછી અંગ્રેજ કાળમાં પારાવાર હાડમારી કેમ વેઠવી પડતી હતી ?



**6.1 બરબાદ થયેલો ખેડૂતવર્ગ**



**6.2 કોર્ન વૉલિસ**

## સમાજજીવનને લાગ્યું ગ્રહણ

વૉરન હેસ્ટિંગ્ઝના સમયમાં મહેસૂલ ઉઘરાવવાનું કામ જેને સોંપવામાં આવ્યું હતું તેને કલેક્ટર કહેવામાં આવતા. તેઓ ન્યાયાધીશનું કામ પણ કરતા. અંગ્રેજી રાજ્યતંત્રના આવા વહીવટથી આપણા દેશની પુરાણી ગ્રામ-સ્વરાજ્યની પ્રથા નાશ પામી. જૂના વખતમાં દરેક ગામ એક નાના પ્રજાસત્તાક જેવું હતું. ગ્રામપંચાયતો જ ગામડાનો બધો વહીવટ સંભાળતી. દેશની કરોડરજ્જુ જેવી એ ગ્રામ સ્વરાજ્યની સંસ્થા હતી. બહારનાં આક્રમણો વખતે અને સલ્તનત શાસનવ્યવસ્થા વખતે પણ આપણી ગ્રામસ્વરાજ્ય સંસ્થાઓ અડગ ઊભી હતી. અંગ્રેજોએ શરૂ કરેલી આ નવી શાસનપદ્ધતિથી એ સંસ્થા નાશ પામી.

કંપની સરકારે સામાજિક સુધારણાની જે રીત અપનાવી હતી તેણે લોકોમાં ભય ઊભો કર્યો. લોકોને લાગ્યું કે કંપની સરકાર ઈરાદાપૂર્વક ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવી ભારતના ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવા માંગે છે. રેલવે અને લશ્કરમાં ભારતની સામાજિક વ્યવસ્થાની વારંવાર અવગણના કરવામાં આવે છે તેવી માન્યતા લોકોમાં ઊભી થઈ. આગ્રામાં એવું ફરમાન બહાર પાડવામાં આવ્યું હતું કે દરેક હિંદીએ અંગ્રેજને સલામ ભરવી. જો તેમ કરવામાં ન આવે તો તે દંડ કે સજાને પાત્ર ગણાતું. પરિણામે અંગ્રેજો પ્રત્યે ભારતીયોના દિલમાં રોષ અને નફરતની લાગણી ઉત્પન્ન થઈ.

## ભારતીય વેપાર અને ઉદ્યોગોનો વિનાશ :

હિંદની હાથસાળો યુરોપને તેમજ એશિયાને જોઈતા કાપડનો બધો માલ પૂરો પાડતી. પશ્ચિમના વેપારીઓ અહીં માલ ખરીદવા આવતા. હિંદમાં બનતું શણ, ઊન, રેશમ અને સૂતરના કાપડની વિદેશમાં માંગ રહેતી હતી. ઢાકાની મુલાયમ, બારીક મલમલની દુનિયામાં મોટી માંગ હતી. કાપડ ઉપરાંત સૂરોખાર, મીઠું, સાકર વગેરે માલની નિકાસ થતી તેના બદલામાં ભારતમાં અઢળક સોના-ચાંદીની આયાત થતી હતી.

અંગ્રેજ શાસનનો અમલ થતાં જ આ સ્થિતિ બદલાઈ ગઈ. સોના-ચાંદીનો પ્રવાહ ઊલટી દિશામાં વહેવા લાગ્યો. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતમાં અંગ્રેજો એકલા બંગાળમાંથી જ આજના હિસાબે ગણીએ તો પાંચસો કરોડ રૂપિયા માત્ર બે દાયકાના શાસનમાં ઉપાડી ગયા હતા. વિચાર કરો, આખા દેશમાંથી કેટલી સંપત્તિ અંગ્રેજોએ એકત્ર કરી હશે ?

**આટલું જાણો**

તમારાં દાદા-દાદી પાસેથી માહિતી મેળવો કે આજે લાખો અને કરોડો રૂપિયાની વાત કરવામાં નવાઈ નથી પણ આજથી પચાસ વર્ષ પહેલાં એક હજાર રૂપિયાની કિંમત શું હતી ? કેમ રૂપિયાની કિંમત ઘટી ગઈ ? રૂપિયો ગાડાનાં પૈડા જેવો હતો. કેમ ?



6.3 ભારતના ગૃહઉદ્યોગોની દુર્દશા

ભારતમાં ઉત્પન્ન થતો કાચો માલ અને ભારતમાંથી એકત્ર કરેલ રૂપિયાની મદદથી અંગ્રેજો ઇંગ્લૅન્ડમાં ઉદ્યોગ-ધંધાઓ વિકસાવવા લાગ્યા. તેમનાં કારખાનાંઓ ધમધમવા લાગ્યા. ઇંગ્લૅન્ડમાં બનતો માલ ભારતમાં જકાત વગર આવતો; જ્યારે હિંદના કાપડ પર એંસી ટકા સુધીની જકાત નાખી; પરિણામે ભારતમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં જ મોંઘો પડવા લાગ્યો ! આ હરીફાઈમાં ભારતીય હસ્તઉદ્યોગ અને ઉદ્યોગ-ધંધા ચાલી શક્યા નહિ. આ અંગ્રેજ નીતિના કારણે કાપડ બનાવવાના, ધાતુઓના, કાચના, કાગળના, વહાણો બાંધવાના વગેરે આપણા અનેક હુન્નરઉદ્યોગો નાશ પામ્યા. લાખો કારીગરો બેકાર બન્યા. ધીમેધીમે ભારતના ગ્રામ્ય કારીગરોની ગરીબાઈ વધવા લાગી.

**વિચારો**

વર્તમાન સમયમાં ગ્રામકક્ષાએ કયા કયા ગૃહઉદ્યોગ જોવા મળે છે ?

## સુધારાઓ તરફ શંકા

વિલિમય બેન્ટિક જ્યારે ભારતમાં ગવર્નર જનરલ બનીને આવ્યો ત્યારે ઇંગ્લૅન્ડમાં ઉદાર વિચારસરણીનો ધીમેધીમે ફેલાવો થયો હતો. આ ફેરફારની થોડી અસર હિંદ સુધી પહોંચી. અંગ્રેજ શાસકો પ્રજાના જીવનમાં રસ લેવા લાગ્યા. થોડાઘણા લાભકારક સુધારા કરીને વિલિયમ બેન્ટિક પ્રમાણમાં વધારે માન પામ્યો.



6.4 વિલિયમ બેન્ટિક

બેન્ટિકે કંપનીના વહીવટમાં ભારતીયોને સ્થાન આપ્યું. અદાલતમાં ન્યાય માગવા આવનારને માતૃભાષાનો ઉપયોગ કરવાની રજા આપવામાં આવી. રાજા રામમોહનરાય અને બીજા સુધારકો સતી થવાનો રાક્ષસી રિવાજ બંધ કરાવવા ઘણા વખતથી પ્રયાસ કરી રહ્યા હતા, બેન્ટિકે આ સુધારકોની વિનંતી

સાંભળીને સતી થવાનો રિવાજ અટકાવતો એક કાયદો 1829માં અમલમાં મૂક્યો. બેન્ટિકના સમયમાં અંગ્રેજ અમલદારો ભારતનો સુધારકવર્ગ ઈચ્છતો હતો તેવા કુરિવાજો અટકાવવા પ્રયત્ન કરતા હતા. આ સુધારાઓને ભારતના રૂઢિચુસ્ત લોકો શંકાની નજરે જોવા લાગ્યા.

કંપની સરકારે કેળવણી માટે દર સાલ એક લાખ રૂપિયા ખર્ચવાનો ઠરાવ કર્યો હતો; પરંતુ એનો અમલ થતો ન હતો. છેવટે બેન્ટિકના સમયમાં શિક્ષણસમિતિની રચના થઈ. ઈ.સ. 1834માં મેકોલે નામના એક અંગ્રેજ ધારાશાસ્ત્રીને અંગ્રેજી કેળવણીનો વિચાર આવ્યો. મેકોલેએ શરૂ કરેલી શિક્ષણપદ્ધતિથી હિંદી યુવાનોને જોઈએ તેવો લાભ ન મળ્યો. પોતાના પૂર્વજોએ વિકસાવેલી પ્રાચીન વિદ્યાઓ શીખવાનો લાભ ભારતીયો ગુમાવવા લાગ્યા. દેશમાં અંગ્રેજી કેળવણી શરૂ થઈ. આ શિક્ષણપદ્ધતિનો વિરોધ થયો. મહાત્મા ગાંધીજી તો એને ગુલામીની કેળવણી કહેતા. પછી તો 1857માં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ. અંગ્રેજી શિક્ષણથી અંગ્રેજોને જોઈતા ભણેલા કર્મચારીઓ મળવા લાગ્યા; તેમ છતાં ભારતીયો એ શિક્ષણ મેળવવા લાગ્યા અને તેમાંથી સ્વાતંત્ર્ય માટે રાષ્ટ્રવાદી માનસ ઘડાવા લાગ્યું.

**વિચારો**

મેકોલેએ ભારતમાં શા માટે અંગ્રેજી કેળવણી શરૂ કરી હતી ?

ઔદ્યોગિક ક્રાંતિના કારણે કારખાનાંઓને ધમધમતા રાખવા અને માલની હેરફેર માટે વાહનવ્યવહારની અને સંદેશાની માંગને પહોંચી વળવા નવાં નવાં યંત્રોની શોધ થવા લાગી. હિંદમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે તો આપણા વેપારને લાભ મળશે તેમજ લશ્કરી અંકુશ પણ રાખી શકાશે, આ પ્રકારના હેતુથી ભારતમાં રેલવે શરૂ કરવામાં આવી.

**આટલું જાણો**

ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1853માં મુંબઈ અને થાણા વચ્ચે રેલવે શરૂ થઈ.

ભારત જેવા વિશાળ દેશના દરેક ભાગ પર ચાંપતી નજર રાખવા અને પરદેશી રાજ્યને સંદેશા આપવા માટે જરૂર જણાતાં ઈ.સ. 1854થી ટપાલ અને તાર-સંદેશાની આધુનિક પદ્ધતિ અપનાવવામાં આવી. સાથે સાથે દેશમાં છાપખાનાં અને વર્તમાનપત્રોનો વ્યાપ વધવો શરૂ થયો.

આમ, બ્રિટિશ શાસનના સુધારાઓ અંગ્રેજોના હિત માટે હતા; તેમ છતાં રાષ્ટ્રવાદના ઉદ્દેશ માટે એ ભારતીયો માટે આશીર્વાદ રૂપ બન્યા. અંગ્રેજી કેળવણી પામેલો વર્ગ વિશ્વના પ્રવાહોથી માહિતગાર બન્યો, જેણે દેશમાં સમાજ સુધારણા અને રાષ્ટ્રીય જાગૃતિના કાર્યમાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવી. વર્તમાનપત્રો, તાર, ટપાલ અને રેલવેથી ભારતના લોકો એકબીજાની નજીક આવ્યા.

**પ્રવૃત્તિ**

અંગ્રેજી કેળવણી મેળવીને ભારતમાં રાષ્ટ્રવાદ જાગ્રત કરનાર નેતાઓનાં નામની યાદી બનાવો.

## સ્વાધ્યાય

**ચર્ચા કરો :**

1. અંગ્રેજ શાસન સમયના ખેડૂતો અને વર્તમાન સમયના ખેડૂતો વચ્ચે શું તફાવત છે ?
2. અંગ્રેજોએ કરેલા સુધારાઓથી અંગ્રેજ શાસન અને ભારતના લોકોને કયા કયા ફાયદા થયા ?

**જવાબ લખો :**

1. ભારતમાંથી કઈ કઈ ચીજવસ્તુઓની નિકાસ થતી ?
2. વિલિયમ બેન્ટિકે ભારતમાં કયા કયા સુધારા કર્યા ?
3. અંગ્રેજ સરકારે ભારતમાં શા માટે રેલવે, તાર અને ટપાલ વ્યવસ્થા શરૂ કરી ?
4. મહેસૂલ ઉઘરાવવા માટે સૌપ્રથમ કલેક્ટરની નિમણૂક કોણે કરી ?
5. સતીપ્રથાના ક્રૂર રિવાજ પર કોણે પ્રતિબંધ મૂક્યો ?

■